# શ્રી લોહાણા મહાપરિષદ

**Registered under B.P.T. Act 1950 No. A/2119**

મધ્યસ્થ કાર્યાલય : ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં,
એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : +૯૧૭૯૪૦૦૯૧૦૦૫

**Email : lomap@lohanamahaparishad.org • Website : www.lohanamahaparishad.org**

| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હિમાંશુ બી. ઠક્કર |
| --- | --- | --- |
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |


પ્રેસ નોટ

તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૧૫

મા.તંત્રીશ્રી

## શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વર્ષ - ૨૦૧૫ના બાકીના સાત આંતરરાષ્ટ્રીય એવોર્ડ અપાશે

સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત ૧૫ આંતરરાષ્ટ્રીય એવોર્ડ પૈકીના વર્ષ - ૨૦૧૫ માટેના બાકી રહેલા ૭ આંતરરાષ્ટ્રીય એવોર્ડ માટેના નોમીનેશન ફોર્મ આવકાર્ય છે. રઘુવંશી સમાજમાં પડેલી ઉત્તમોત્તમ પ્રતિભાઓને શોધીને તેનું આંતરરાષ્ટ્રીય મંચ પર જાહેરમાં સન્માન કરવાથી સમગ્ર સમાજ તેની પ્રતિભાને જુએ, પિછાણે અને કદર કરે તેમજ અન્ય રઘુવંશીઓને માર્ગદર્શનરૂપ પ્રેરણા મળે આવા ઉમદા હેતુથી કુલ ૧૫ વિવિધ એવોર્ડસની સ્થાપના કરવામાં આવી છે. રઘુવંશી સમાજમાં તમામ સ્તરે જાગૃતિ લાવવા, પ્રવૃત્તિઓના માધ્યમથી ચેતનાનો સંચાર કરવા, તંદુરસ્ત હરીફાઈ કરવા, સંગઠન અને એકતા માટેની ભાવના સુદ્રઢ બનાવવા તથા અન્યો માટે માર્ગદર્શનરૂપ પ્રેરણાનું વાતાવરણ ઊભું કરવાના શુભભાવથી દર વર્ષે વિવિધ ક્ષેત્રોમાં મળીને કુલ ૧૫ આંતરરાષ્ટ્રીય એવોર્ડસ એનાયત કરવામાં આવે છે.

તા.૧૦ ઓક્ટોબર ૨૦૧૫ને શનિવારના રોજ સુરત મુકામે યોજાનાર પ્રથમ કારોબારી મીટીંગમાં આ એવોર્ડ દાતાશ્રીઓ તથા સમાજશ્રેષ્ઠીઓના હસ્તે એનાયત કરવામાં આવશે. એવોર્ડ નોમીનેશન માટેનું ફોર્મ, આ અંગેની તમામ માહિતી તથા જરૂરી સુચનાઓ માતૃસંસ્થા વેબસાઈટ : www.lohanamahaparishad.org પર ઉપલબ્ધ કરેલ છે. સંપૂર્ણ વિગતો સાથે નોમીનેશન ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ ૦૯-૦૯-૨૦૧૫ છે. આ એવોર્ડ

(૧) શ્રેષ્ઠ રઘુવંશી બાળ/ કિશોર પ્રતિભા એવોર્ડ (સહયોગ : શ્રીમતી શાંતાબેન વ્રજદાસ દતાણી, હ. દતાણી ફાઉન્ડેશન ટ્રસ્ટ, કોલકાતા / મુંબઈ (૨) શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા (સાહસ / રમતગમત

ક્ષેત્રનો એવોર્ડ) (સહયોગ : શ્રી પ્રફુલ્લભાઈ સેજપાલ પરીવાર, કુન્નુર) (૩) શ્રેષ્ઠ વ્યવસાયિક પ્રતિભા એવોર્ડ (સહયોગ : સ્વ.શ્રીમતી પાર્વતીબેન નરશીદાસ કાથરાણી, હ. શ્રી મણીલાલ એન. કાથરાણી), (૪) શ્રેષ્ઠ રઘુવંશી કન્યા / કુમાર છાત્રાલય એવોર્ડ મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (સહયોગ : શ્રી નવીનભાઈ મજીઠીયા), (૫) શ્રેષ્ઠ રઘુવંશી ગૌ સેવા કેન્દ્ર / ગૌસેવક એવોર્ડ (સહયોગ : પ.પૂ. પ્રાતઃ સ્મરણીય સંત શ્રી હરીરામ બાપા પ્રેરિત, શ્રી હરીરામ સેવા કેન્દ્ર, અમદાવાદ), (૬) શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડ (સહયોગ : શ્રી કિશોરભાઈ આથા પરીવાર, આથા ગ્રુપ), (૭) શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડ (સહયોગ : શ્રી દક્ષા દિપક વાઘાણી ટ્રસ્ટ) એમ કુલ સાત કેટેગરીમાં અપાશે.

આ એવોર્ડ માટે, પોતાનું સંપૂર્ણ ફોર્મ ઉમેદવારોએ શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી પોતાની સિધ્ધિઓ / વિશિષ્ટતાઓની શ્રેષ્ઠ ઝલક દર્શાવતી એક વિડિયો સીડી અચૂકપણે સાથે બીડવાની રહેશે. (જે કેટેગરીમાં આવી સીડી બનાવવી શક્ય કે વ્યવહારૂ ન હોય ત્યાં શ્રેષ્ઠ ફોટોગ્રાફ્સ - વધુમાં વધુ ૨૦ ની સંખ્યામાં બીડવા) જે તે કેટેગરીના એવોર્ડ માટેની અરજી તથા રજૂઆતની તમામ વિગતો / સીડી / દસ્તાવેજી પુરાવા વિગેરે સ્થાનિક લોહાણા મહાજન મારફતે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય (ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, ફોન : ૦૭૯- ૪૦૦૯૧૦૦૫)ના સરનામે મોડામાં મોડા તા. ૦૯-૦૯-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાનું વિશ્વ શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુ ઠક્કર (ઇ-મેઇલ : shreelmpawards@gmail.com)ની યાદીમાં જણાવાયું છે.